| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૦૯/૦૯/૨૦૨૦ | | |
| દાખલ તારીખ | ૦૯/૦૯/૨૦૨૦ | | |
| ફેંસલ તારીખ | ૨૭/૦૪/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૫** | **૦૭** | **૧૮** |

## ફોર્મ–એ

| |
|---|
| **પડધરીના મે. પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુડીશ્યલ મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, તા.પડધરી, જી.રાજકોટ.**<br>**ક્રિમીનલ કેસ નં.403/2020**<br>**આંક–૭૬** |
| **પડધરી પો. સ્ટે. ગુ. રજી. નં.A–૧૧૨૧૩૦૪૨૨૦૦૩૩૫/૨૦૨૦** |
| **આઈ.પી.સી. ની કલમ – ૩૦૪(અ), ૨૭૯ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪** |

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ તરફે | **વિદ્વાન એ.પી.પી શ્રી ડી.જી.એ.ઠાકર.** |
| આરોપી | દેવાભાઈ રામાભાઈ રાઠોડ,<br>રહે. વડત્રા ગામ, તા.ખંબાળીયા, જી.દેવભુમી દ્વારકા. |
| આરોપીપક્ષ તરફે | **વિદ્વાન વકીલશ્રી જે.વી.ઝાલા.** |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૮/૦૬/૨૦૨૦ |
| પ્રથમબાતમી અહેવાલની તારીખ | ૧૮/૦૬/૨૦૨૦ |
| આખરી અહેવાલ રજુ થયાની તારીખ | ૦૯/૦૯/૨૦૨૦ |
| પ્લી/તહોમતનામું ઘડ્યાની તારીખ | ૦૭/૦૭/૨૦૨૨ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૪/૦૮/૨૦૨૨ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૭/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | -------- |

## // આરોપીની વિગત //

| આરોપી નો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ ની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. અધિનિયમ, ૧૯૭૩ ની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દેવાભાઈ રામાભાઈ રાઠોડ | – | – | આઈ.પી.સી. ની કલમ–૩૦૪(અ), ૨૭૯ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુક્યા | – | – |

## <u>ફોર્મ–સી</u>

## –ચુકાદાનું પરિશિષ્ટ–

### ફરીયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાક્ષીની યાદી

### ક. ફરીયાદપક્ષના

| ક્રમ નં. | સાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | શિવલાલભાઈ નારણભાઈ વાઘેલા | ૦૭ | પંચસાહેદ |
| ૨. | દિવ્યેશભાઈ ડાયાભાઈ મેંધપરા | ૧૫ | સાહેદ |
| ૩. | રાજેશભાઈ દેવશીભાઈ સોલંકી | ૧૯ | સાહેદ |
| ૪. | કિશનભાઈ કાળાભાઈ છમળીયા (ચમળીયા) | ૩૨ | સાહેદ |
| ૫. | મહાવીરસિંહ જામભા પરમાર | ૪૬ | ત.ક.અ. |
| ૬. | વીરાભાઈ મુળુભાઈ લગારીયા | ૫૨ | ત.ક.અ. |

### ખ. બચાવપક્ષના સાક્ષી, જો હોય તો

| **અનુક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| – | – | – |

**ગ. અદાલતના સાક્ષી, જો હોય તો**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના દસ્તાવેજના આંકની યાદી**

**ક. ફરીયાદપક્ષ**

| અનુ ક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૦૮ | સ્થાનિક જગ્યાનું પંચનામું |
| ૨. | ૪૭ | ગુન્હા રજીસ્ટર રીપોર્ટ |
| ૩. | ૪૮ | એફ.આઈ.આર. |
| ૪. | ૪૯ | ડેપ્યુટ હુકમ |
| ૫. | ૫૦ | અટક પંચનામું |
| ૬. | ૫૧ | આર.ટી.ઓ. રીપોર્ટ |
| ૭. | ૫૩ | ઈન્કવેસ્ટ પંચનામું |
| ૮. | ૫૪ | સ્થળ પરિક્ષણ અહેવાલ |
| ૯. | ૫૫ | એક્સીડેન્ટ રીપોર્ટ ફોર્મ |
| ૧૦. | ૫૬ | પોસ્ટ મોર્ટમ રીપોર્ટ |

**ખ. બચાવપક્ષ**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | – | – |

**ગ. અદાલત**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | – | – |

**ઘ. ભૌતીક પદાર્થ**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | | |

## (૧.૦) ફરીયાદની ટુંકમાં હકીકત–

સદર કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૮/૦૬/૨૦૨૦ ના રોજ સવારનાં પાંચથી છ વાગ્યાની આસપાસઆ કામનાં ફરિયાદીનાં નાનાભાઈ માનશીભા જીવાભા માણેક જે ટ્રક ચલાવી જતા હતા તેની આગળ જતા ટ્રક રજી. નં.GJ-37-T-5927 નાં ચાલકે બેફીકરાઈથી ગફલતભરી રીતે ટ્રક ચલાવી રોડ પર અચાનક બેફીકરાઈથી બ્રેક મારતા ફરિયાદીનાં ભાઈ જે ટ્રક ચલાવી જતા હતા તે ટ્રક તેની સાથે અથડાઈ ટ્રક પુલ નીચે પડી જતા ફરીયાદીનાં ભાઈને નાની મોટી શરીરે ઈજાઓ કરી મોત નીપજાવી ટ્રક રજી. નં.GJ-37-T-5927 નો ચાલક ટ્રક સ્થળ પર મુકી નાશી જઈ ગુન્હો કરેલ જે બનાવ અંગેની ફરિયાદ ફરિયાદીએ નોંધાવતા જે પડધરી પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. એ–૧૧૨૧૩૦૪૨૨૦૦૩૩૫/૨૦૨૦ થી આઈ.પી.સી.ની કલમ–૩૦૪(અ), ૨૭૯ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબની કાયદેસરની કાર્યવાહી કરી તપાસના અંતે ત. ક. અમલદારે આ અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ રજુ કરેલ છે.

## (૨.૦) કેસની કાર્યવાહી–

ફરીયાદીની ફરીયાદના અનુસંધાને આ કામના તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૭૩ અન્વયે અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલું. આ કામના આરોપી જામીન મુકત હોય, અત્રેની કોર્ટને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલ–૧૯૦ અન્વયે કોગ્નીઝન્સ લેવાની સત્તા હોય, આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી વિરૂદ્ધનો ગુનો સમન્સ ટ્રાયબલ હોય આરોપીને ગુનાની હકીકતોને વાંચી સંભળાવી, સમજાવી આરોપીની આંક–૦૫ થી પ્લી નોંધવામાં આવેલી. આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસની કાર્યવાહી આગળ ચલાવવાની વિનંતી કરેલી તેથી ફરીયાદપક્ષ તરફે કેસ આગળ ચલાવેલ છે.

**(૩.૦)** ફરિયાદપક્ષ તરફે આ સિવાય અન્ય કોઇ મૌખિક કે લેખીત દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોય એ.પી.પી.શ્રીની મૌખિક

વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરેલ છે. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નીવેદન નોંધવા લાયક પુરાવો જણાઇ આવતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને તેમાં તેઓએ ફરિયાદની હકીકતને ઈન્કાર કરી, ખોટો કેસ કરેલ હોવાનું અને નિર્દોષ હોવાનું જણાવેલ છે.

**(૪.૦) દલીલ :–**

**(૪.૧)** સદર કામે એ.પી.પી.શ્રી દલીલ કરતા જણાવે છે કે, તા.૧૮/૦૬/૨૦૨૦ ના રોજ સવારનાં પાંચથી છ વાગ્યાની આસપાસ આ કામનાં ફરિયાદીનાં નાનાભાઈ માનશીભા જીવાભા માણેક જે ટ્રક ચલાવી જતા હતા તેની આગળ જતા ટ્રક રજી. નં.GJ-37-T-5927 નાં ચાલકે બેફીકરાઈથી ગફલતભરી રીતે ટ્રક ચલાવી રોડ પર અચાનક બેફીકરાઈથી બ્રેક મારતા ફરિયાદીનાં ભાઈ જે ટ્રક ચલાવી જતા હતા તે ટ્રક તેની સાથે અથડાઈ ટ્રક પુલ નીચે પડી જતા ફરીયાદીનાં ભાઈને નાની મોટી શરીરે ઈજાઓ કરી મોત નીપજાવી ટ્રક રજી. નં.GJ-37-T-5927 નો ચાલક ટ્રક સ્થળ પર મુકી નાશી જઈ ગંભીર ગુન્હો કરેલ છે તથા ફરિયાદપક્ષ તરફે કરવામાં આવેલ પંચનામાઓ ત.ક.અમલદારશ્રીએ પંચસાહેદોની રૂબરૂમાં તૈયાર કરેલ હોય ન માનવાને કોઈ કારણ નથી તેમજ ફરિયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓથી ફરિયાદની હકીકતને સમર્થન મળે છે. જે હકિકત ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરેલ હોય આરોપીને મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

**(૪.૨)** આરોપી તરફે તેઓનાં વિ.વ.શ્રી દલીલ કરતા જણાવે છે કે, સદર કામે તપાસવામાં આવેલ સાહેદોએ આરોપીને ઓળખી બતાવેલ નથી કે વાહનનો નંબર જણાવેલ નથી તથા આ કામનાં આરોપીની બેદરકારીનાં કારણે જ ફરિયાદની હકીકત મુજબનો બનાવ બનેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર નિઃશંકપણે પુરવાર કરેલ ન હોય જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા નમ્ર અરજ કરેલ છે.

**(૫.૦)** ઉપરોકત હકીકતના આધારે ફરીયાદપક્ષનો કેસ, આરોપીનો બચાવ તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતાં સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**––મુદ્દાઓ––**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૮/૦૬/૨૦૨૦ ના રોજ સવારનાં પાંચથી છ વાગ્યાની આસપાસ આ કામનાં ફરિયાદીનાં નાનાભાઈ માનશીભા જીવાભા માણેક જે ટ્રક ચલાવી જતા હતા તેની આગળ જતા આરોપીએ ટ્રક રજી. નં.GJ–37–T–5927 બેફીકરાઈથી ગફલતભરી રીતે ટ્રક ચલાવી રોડ પર અચાનક બેફીકરાઈથી બ્રેક મારતા ફરિયાદીનાં ભાઈ જે ટ્રક ચલાવી જતા હતા તે ટ્રક તેની સાથે અથડાઈ ટ્રક પુલ નીચે પડી જતા ફરીયાદીનાં ભાઈને નાની મોટી શરીરે ઈજાઓ કરી મોત નીપજાવી ટ્રક રજી. નં.GJ–37–T–5927 નો ચાલક ટ્રક સ્થળ પર મુકી નાશી જઈ આઈ.પી.સી.ની કલમ–૩૦૪(અ), ૨૭૯ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૬.૦)** ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**<u>––નિર્ણયો––</u>**

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

<u>// કારણો //</u>

**(૭.૦) મુદ્દા નં.૧ અને ૨ ની સંયુક્ત ચર્ચા –**

આ કામે આરોપી સામે હાલનો કેસ ફોજદારી છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે. હાલના ગુનામાં આરોપી વિરૂદ્ધની હકીકત નિઃશંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે.

**ઉપરોક્ત સિદ્ધાંતો નજર સમક્ષ રાખી, આ કામમાં પડેલા પુરાવાથી હાલના બનાવ માટે આરોપી જવાબદાર છે? બનાવ વખતે બનાવમાં કહેવાતુ વાહન આરોપી ચલાવતા હતા કે કેમ? તેમજ તેઓની ગુન્હાહિત બેદરકારીના કારણે હાલનો બનાવ બનેલ છે કે કેમ? તે બાબત બચાવપક્ષે ઉઠાવેલ તકરારનાં સંદર્ભમાં આ કેસના પુરાવાનું મુલ્યાંક કરવું જોઈએ.**

આરોપી સામે આઈ.પી.સી.ની કલમ–૩૦૪(અ), ૨૭૯ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ગુન્હાનું તહોમત છે. ત્યારે સદર કલમનાં આવશ્યક તત્વો ધ્યાનમાં લેતા, જે નીચે મુજબ છે.

**ઈ.પી.કો.ની કલમ–૨૭૯ જાહેર રસ્તા પર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબતે.**

(૧) જાહેર રસ્તા પર વાહન ચલાવવુ અથવા સવારી કરવી,

(૨) બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આવું વાહન ચલાવવુ અથવા સવારી કરવી,

(૩) જે કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા અથવા હાનિ થવા સંભવ હોય.

**ઈ.પી.કો.ની કલમ–૩૦૪(અ) બેદરકારીથી મૃત્યુ નિપજાવવા બાબત.**

જો કોઈ વ્યક્તિ ગુન્હાહિત મનુષ્યવધ ન ગણાય એવુ બેફામ રીતે કરેલ કે બેદરકારીભર્યુ કોઈ કૃત્ય કરીને કોઈ વ્યક્તિનું મૃત્યુ નિપજાવે તો તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ એક પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંન્ને શિક્ષા કરવામાં આવશે.

**(૮.૦)** સદર કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે તપાસેલા સાહેદોની જુબાની ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

**(૮.૧)** ફરિયાદપક્ષ તરફે સદર કામે પંચસાહેદોને આંક–૦૭ થી તપાસતા તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, પડધરી પોલીસે મારી દુકાને સહી લીધેલી અને પંચનામાની હકીકત તેઓને ખબર નથી તથા સ્થાનિક જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે. તેમાં પંચ તરીકે મારી સહી છે. જે હું ઓળખી  બતાવું છું. સદરહું પંચનામાને રજુ દા.રજુ આંક–૦૮ આપવામાં આવે છે. આમ, સદર પંચસાહેદ પંચનામાની હકીકતને

સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર પંચસાહેદોને ફરિ ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરતાં તેમાં પણ કોઇ ફળદાયી હકીકત જણાવતા નથી. ત્યારબાદ સદર કામે આરોપીનાં વિ. વ. શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીતનો સ્વીકાર કરે છે કે પંચનામામાં જણાવેલ હકીકત બાબતે હું કાંઈ જાણતો નથી અને પોલીસ મારી અગાઉ તૈયાર કરેલ પંચનામામાં સહી લીધેલ.

**(૮.૨)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે સાહેદ દિવ્યેશભાઈ ડાયાભાઈ મેંદપરા આંક–૧૫ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તારીખ–૧૮/૦૬/૨૦૨૦ ના કલાક ૦૫–૩૦ રોજ અમો પડધરી પોસ્ટેમાં પો.કોન્સ તરીકે ફરજ બજાવતો હતો તે દરમીયાન અમો તથા પો.કો. રાજેશભાઇ સોલંકી એમ અમો બન્ને ખામટા એક પોસ્ટ પર ફરજ બજાવતા હતા ત્યારે તે દરમ્યાન અકસ્માત થયો હોય તેવો અવાજ સંભાળાતા જેથી અમે તુરત જ રાજકોટ–જામનગર હાઇ–વે પર અકસ્માત સ્થળ પર તુરત જ પહોચેલા ત્યા પહોચી અમે જોયુ કે હાઇ–વેની ડિવાઇડરની લોંખડની રેલિંગ તુટી ગયેલી હાલતમાં જોવા મળેલી અને ત્યા કાચ તુટેલી હાલતમાં જોવા મળેલ અને એક ટ્રક રોડની જમણી બાજુની સાઇડમાં (રોંગસાઇડમાં ) ઉતરી ઉંધી હાલતમાં નીચે પડેલ હતો. ત્યા જઇને જોતા ટ્રકચાલક અંદર હોવાનુ જણાય આવેલ અને મારી સાથેના ઈ.ચા. રાજેશભાઈ સોલંકી ત્યા ગયેલ અને રાજેશભાઇએ બનાવની પો.સ્ટે જાણ કરેલ અને આગળની તમામ કાર્યવાહી રાજેશભાઇએ કરેલ અને ત્યારબાદ સવાર થઈ જતા મારી ડ્યુટી પુરી થઈ ગઈ હોય અન્ય સાથી કર્મચારી આવી જતા હું રવાના થઈ ગયેલ. બનાવ સ્થળે એક ટ્રક ડાબી બાજુએ ઉભેલો જોવા મળેલ. બંન્નેમાંથી એકપણનો નંબર જોયો નથી. આ સિવાય મારે બીજુ કાંઈ કહેવુ નથી.

આરોપીપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અકસ્માત થતા અવાજ આવતા અમો ટ્રક પાસે ગયેલ તે ટ્રક નીચે ઉધે પડેલ જોયેલ તે સિવાય મે કોઈ કામગીરી કરેલ નથી અને ટ્રક ચાલકને ઓળખુ નહીં.

(૮.૩) ફરિયાદપક્ષ તરફે સાહેદ રાજેશભાઈ દેવશીભાઈ સોલંકી આંક–૧૯ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તારીખ–૧૭/૦૬/૨૦૨૦ ના રોજ હુ ખામટા ચેક પોસ્ટ ખાતે પો.કો. તરીકે ફરજ બજાવતો હતો. ત્યારે મારી નોકરી ચેકપોસ્ટ ખાતે કલાક ૨૦–૦૦ વાગ્યાથી ચેકપોસ્ટ ખાતે ડયુટી આપેલી હોય હુ તથા મારી સાથે તાલીમાર્થી એલ.આર.ડી દિવ્યેશભાઇ એમ અમો બન્ને વાહન ચેકિંગની કામગીરી કરતા હતા અને કલાક ૨૩–૦૦ થી બે જી.આર.ડી. સાથીઓ ચેકપોસ્ટ ખાતે હાજર હતા ત્યારે તા.૧૮/૦૬/૨૦૨૦ ના રોજ સવારે કલાક– ૦૫/૦૦ વાગ્યાની આસપાસ અમો ખામટા ચેકપોસ્ટ ખાતે અંદર હાજર હતા ત્યારે વાહન અકસ્માતનો અવાજ થયો હોય જેથી અમે તુરત જ બહાર આવી જોતા રોડ પર રેતી અને કાંચ વિખરાયેલા જોવા આવેલા. ત્યારે એક ટ્રક જોવા મળેલો જેનો મોરો જામનગર બાજુ હતો. જે ટ્રકની પાછળના ભાગમાં અથડામણ થયેલ હોય તેવુ જોવા મળેલ. તેમજ બાજુમાં એક ટ્રક સામેની રાજકોટ જવાની બાજુએ રોડની સાઇડ પર એક ટ્રક ઉધો પડેલો જોવામા આવેલો. ત્યા ઉંધા પડેલા ટ્રકમાં કેબીનમાં એક ડ્રાઈવર દબાઇ ગયેલી હાલતમાં જોવામા આવેલ. જેથી અકસ્માત થયેલ હોય બનાવની જાણ મે પો.સ્ટે કરેલી. તે અરસામાં ત્યાથી જે.સી.બી. નિકળતા ત્યા ભેગા થયેલા લોકોના મદદથી અને જે.સી.બી. દ્વારા ટ્રકમાં ફસાય ગયેલ ડ્રાઈવરને બહાર કાઢેલા અને તે અરસામાં ૧૦૮ આવી જતા ત્યા ફરજ પરના ડોકટરશ્રીએ તે ડ્રાઈવરનુ મૃત્યુ થયેલ હોવાનુ જાહેર કરેલુ. જામનગર જતા રોડ પર ઉભેલા ટ્રક ડ્રાઈવરને પુછપરછ કરતા તેમને જણાવેલુ કે મે રસ્તા પર મારા ટ્રકની બ્રેક મારતા પાછળથી આવતા ટ્રકે મારા ટ્રક સાથે ભટકાતા અકસ્માત થયેલો અને આ ટ્રકમાં રેતી ભરેલી હતી. આ ટ્રકનો નંબર જી.જે.૩૭.ટી.૫૯૨૭ હતો. આ કામના આરોપીને હું ઓળખુ છુ.

આરોપીપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ ટ્રકનાં નંબર મારા નિવેદનમાં લખાવેલ નથી અને બનાવ વખતે હું મારી ચેકપોસ્ટમાં હતો એટલે આ બનાવ

મે નજરે જોયેલ નથી. તેમજ એ હકીકતનો ઈન્કાર કરે છે કે ફરિયાદીને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છું અને આવો કોઈ બનાવ બનેલ નથી.

(૮.૪) ફરિયાદપક્ષ તરફે સાહેદ કિશનભાઈ કાળાભાઈ છમળીયા (ચમળીયા) આંક-૩૨ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, હાલનો બનાવ આશરે સાડા ત્રણ વર્ષ પહેલા બનેલ હતો તે સમયે હું મારા ટ્રકમાં ડ્રાઈવીંગ કરી સુરત થી દ્વારકા જતો હતો ત્યારે પડધરી ટોલ નાકે સવારનાં સમયે પહોંચતા ટોલનાકાનાં આગળનાં ભાગે એક ટ્રક જામનગરથી રાજકોટ આવવાનાં રસ્તે સામેની બાજુએ ઉંધી પડેલ હતી. આ અકસ્માત કઈ રીતે થયેલ તેની મને ખબર નથી. બનાવ વિશે મને બીજી કોઈ માહિતી ન હોવાનું જણાવાતા વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેઓ ફરિયાદની હકીકતને લેષમાત્ર સમર્થન કરેલ નથી.

આરોપીપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હાલનો બનાવ-અકસ્માત મેં નજરે જોયેલ નથી અને હાલનો અકસ્માત કરનાર વાહનનાં નંબર કે તેના ચાલકને મેં જોયેલ નથી તેમજ હાલનો અકસ્માત બની ગયા બાદ મેં સ્થળ પર પહોંચેલ હતો અને પોલીસે માત્ર મારૂ નામ સરનામું પુછેલ તે સિવાય બીજી કોઈ હકીકત પુછેલ નહીં.

(૮.૫) ફરિયાદપક્ષ તરફે ત.ક.અ. મહાવીરસિંહ જામભા પરમાર આંક-૪૬ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, હુ સને ૨૦૨૦ માં હું પડધરી પો.સ્ટે ખાતે પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતો ત્યારે તા.૧૮/૦૬/૨૦૨૦ સવારના ૫ થી ૬ વાગ્યાના આ કામના ફરીયાદી સીધુભા જીવાભા માણેક તેમના નાના ભાઈ માનસીંહભા જીવાભા માણેક જે ટ્રક ચલાવી જતા હતા ત્યારે તેની આગળ જતા ટ્રક રજી નં. જી.જે. ૩૭ ટી ૫૯૨૭ ના ચાલકે બેફીકરાઈથી ગફલતભરી રીતે ચલાવી રોડ પર અચાનક બ્રેક મારત આ કામના ફરીયાદીના ભાઈ સાથેના ટ્રકને અથડાવી અકસ્માત કરી તેથી તેમનો ટ્રક પુલ નીચે પડી જતા ફરીયાદીના ભાઈનુ મુત્યુ નીપજેલ અને આ ટ્રક ચાલક સ્થળ પર ટ્રક મુકી નાસી ગયેલ જે બાબતનો ગુન્હો

નોંધવા માટે આ કામના ફરીયાદીએ ફરીયાદ આપેલી જે અસલ ફરીયાદ મને બતાવામાં આવે છે જે આંક ૧૬ થી રજુ છે જેમાં પો.હે.કોન્સ વી.એસ.ઝાલાની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.સદર ફરીયાદ પરથી પડધરી પો.સ્ટે ખાતે ગુન્હો રજી રીપોર્ટ આપેલો જે મને બતાવામાં આવે છે જે હુ ઓળખી બતાવુ છુ જેને દા.રજુ આંક૪૭ આપવામાં આવે છે.સદર રીપોર્ટ પરથી પડધરી પો.સ્ટે ખાતે આઈ.પી.સી કલમ ૨૭૯,૩૦૪અ તથા એમ.વી.એકટ ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો ગુન્હો નોંધી એફ.આઈ.આર ક્રમાંક ૨૦૦૩૩૫/૨૦૨૦ નોંધવામાં આવેલ જેને દા.રજુ આંક૪૮ આપવામાં આવે છે. આ કામે ફરીયાદ દાખલ થયે આગળની તપાસ અમોને સોંપવામાં આવેલ જે અંગેનો લેખીત ડે.હુકમ આ કામે રજુ જેને દા.રજુ આંક ૪૯ આપવામાં આવે છે. તેમજ આ કામે ઈન્કવેસ્ટ ભરવા માટે ઓથોરીટી પો.હે.કોન્સ એફ.ડી.બ્લોચને સોંપવામાં આવે છે જે ઓથોરીટી આકામે રજુ જેને દા.રજુ આંક ૫૦ આપવામાં આવે છે.આ કામે તપાસ અમોને મળતા સોપ્રથમ મે સ્થાનીક જગ્યાનુ પંચનામુ મે કરેલ જે આ કામે મે આંક ૧૯ થી રજુ છે જે મારા રૂબરૂનું હોઈ ઓળખી બતાવું છું.જેમા મારા રુબરુ પંચોની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ ત્યારબાદ આ કામે આરોપીનુ અટક પંચનામુ કરવામાં આવેલ જે આ કામે રજુ  જેમા મારા રુબરુ પંચોની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને દા.રજુ આંક ૫૦ આપવામાં આવે છે. આ કામે લાગતા વળગતા સાહેદોના નીવેદન નોંધેલા અને અકસ્માત થયેલ હોય અકસ્માતગ્રસ્ત વાહનોની રીપોર્ટ આર.ટી.ઓ માંથી મેળવવા તજવીજ કરેલ જે અંગેનો લેટર આ કામે રજુ જેને દા.રજુ આંક ૫૧ આપવામાં આવે છે. ત્યારબાદ આ કામે યાંત્રીક પરીક્ષણ રીપોર્ટ તથા એફ.એસ.એલ રીપોર્ટ તથા ઈન્કવેસ્ટ રીપોર્ટ કબ્જે કરેલો જે આ કામે  રજુ  છે જે હુ ઓળખી બતાવુ છુ.આ કામે પોલીસ સાહેદ રાજેસભાઈ સોલંકી તથા દીવ્યેશભાઈ મેંદપરાનાઓએ અકસ્માત કરનાર ડ્રાયવર સ્થળ પર હાજર હોય તેમને ઓળખી બતાવેલ જેથી આરોપી તરીકે ઓળખ થયેલ.આરોપીને જોયેથી ઓળખી શકુ છું.

આરોપીપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે આરોપીની કોઈ ઓળખ પરેડ

કરાવેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, બનાવ સવારમાં બનેલ હોય તપાસમાં મે કોઈ નજરે જોનાર સાહેદોના નીવેદન લીધેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ફરીયાદમાં અકસ્માતમાં સંડોવાયેલ વાહનનો નંબર લખેલ છે આરોપીનુ નામ કે વર્ણન નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, મે તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, સ્થાનીક જગ્યાનુ પંચનામા બાબતે મારા ઉપરી અધીકારીની મંજુરી મેળવી નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, કહેવાતા બનાવ અંગેનુ વાહન કોના દ્બારા ચલાવામાં આવતુ હતુ તે અંગે કોઈ સાક્ષીનુ નીવેદન લીધેલ નથી અને હાલના બનાવ અંગે નોંધાયેલ સ્થાનીક જગ્યાનુ પંચનામુ તથા પંચોના નિવેદન પોલીસ સ્ટેશનમાં જાતે બેસીને લખી લીધેલ તેમજ હાલના કામના આરોપી વિરૂદ્ધમાં કોઇ પુરાવો ન હોવા છંતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૮.૬) ફરિયાદપક્ષ ત.ક.અ. વીરાભાઈ મુળુભાઈ લગારીયા આંક–૫૨ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, હુ સને ૨૦૨૦ માં હું પડધરી પો.સ્ટે ખાતે પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતો ત્યારે તા.૧૮/૦૬/૨૦૨૦ સવારના ૫ થી ૬ વાગ્યાના આ કામના ફરીયાદી સીધુભા જીવાભા માણેક તેમના નાના ભાઈ માનસીંહભા જીવાભા માણેક જે ટ્રક ચલાવી જતા હતા ત્યારે તેની આગળ જતા ટ્રક રજી નં. જી.જે. ૩૭ ટી ૫૯૨૭ ના ચાલકે બેફીકરાઈથી ગફલતભરી રીતે ચલાવી રોડ પર અચાનક બ્રેક મારત આ કામના ફરીયાદીના ભાઈ સાથેના ટ્રકને અથડાવી અકસ્માત કરી તેથી તેમનો ટ્રક પુલ નીચે પડી જતા ફરીયાદીના ભાઈનુ મુત્યુ નીપજેલ અને આ ટ્રક ચાલક સ્થળ પર ટ્રક મુકી નાસી ગયેલ જે બાબતનો ગુન્હો નોંધવા માટે આ કામના ફરીયાદીએ ફરીયાદ આપેલી જે અસલ ફરીયાદ મને બતાવામાં આવે છે જે આંક ૧૬ થી રજુ છે જેમાં પો.હે.કોન્સ વી.એસ.ઝાલાની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.સદર ફરીયાદ પરથી પડધરી પો.સ્ટે ખાતે ગુન્હો રજી રીપોર્ટ આપેલો જે મને બતાવામાં આવે છે જે હુ ઓળખી બતાવુ છુ જેને દા.રજુ આંક૪૭ આપવામાં આવે છે.સદર રીપોર્ટ પરથી પડધરી પો.સ્ટે ખાતે આઈ.પી.સી કલમ ૨૭૯,૩૦૪અ તથા

એમ.વી.એકટ ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો ગુન્હો નોંધી એફ.આઈ.આર ક્રમાંક ૨૦૦૩૩૫/૨૦૨૦ નોંધવામાં આવેલ જેને દા.રજુ આંક૪૮ આપવામાં આવે છે મને તપાસ સોંપતા મે કીશનભાઈ કાળાભાઈ છમડીયાનુ નીવેદન લીધેલુ અને તપાસના અંતે આરોપી વીરુધ્ધ પુરતો પુરાવો મળતા આરોપી વીરુધ્ધ ચાર્જશીટ કરેલ.

આરોપીપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એક સાહેદના નીવેદન લીધા સીવાય મે કોઈ કામગીરી કરેલ નથી.

**(૯.૦) પુરાવાઓનું મુલ્યાંકન :-**

મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમાં સૌપ્રથમ ફરીયાદપક્ષે એમ પુરવાર કરવું જોઇએ કે આરોપી બનાવ સમયે અકસ્માત કરનાર વાહનનું ડ્રાઈવીંગ કરતા હતા તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યું કે ગફલતભર્યુ કરતા હતા. માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ક્રિમીનલ બેદરકારીભર્યા ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બદલ દોષિત ઠરાવી શકાય નહિ. વધુમાં નામદાર ઓરિસ્સા વડી અદાલતે **"બદ્રીપ્રસાદ તિવારી વિ. સ્ટેટ" ૧૯૯૪ ક્રિ. લો. જ. પેજ નં.૩૮૯** માં એમ ઠરાવેલ છે કે,

> **(A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.**

વધુમાં તે ચૂકાદાના પેરા નં.૫ માં એમ ઠરાવેલ છે કે,

> **Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the**

**accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are:**

**(i) Rash and negligent driving or riding on a public way.**
**(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.**

**For an offence punishable under Sec. 304-A, IPC, the point to be established is that the act of accused was responsible for resulting in the death and such act of the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Sections 279 or 304-A rash and negligent has to be established, but only distinction is that in Section-279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304-A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgment. Distinction between rashness and negligence is that negligence connotes want of proper care, while rashness conveys the idea of reckless doing of an act without consideration of any consequences.**

(૧૦.૦) સદરહુ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો પ્રોસીક્યુશન તર્ફે સાહેદ દિવ્યેશભાઈ ડાયાભાઈ મેંદપરાને તપાસવામાં આવેલા છે અને તેઓની સોગંદ ઉપરની જુબાની જોવામાં આવે તો તેઓ ફરિયાદની હકીકત મુજબનો અકસ્માત થયેલ હોવાનું અને ત્યારબાદ તેઓની ડ્યુટી પુરી થતા તેઓ સ્થળેથી જતા રહેલ હોવાનું તેમજ બંન્નેમાંથી એકપણ ટ્રકનો નંબર જોયેલ ન હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અકસ્માત થતા અવાજ આવતા અમો ટ્રક પાસે ગયેલ તે ટ્રક નીચે ઉધે પડેલ જોયેલ તે સિવાય મે કોઈ કામગીરી કરેલ નથી અને ટ્રક ચાલકને ઓળખુ નહીં. આમ, સદર સાહેદની જુબાની વંચાણે લેતાં તેઓ અકસ્માતનો બનાવ બની ગયા બાદ સ્થળ ઉપર પહોંચેલ હોય અને તેઓએ અકસ્માતનો બનાવ

નજરે જોયેલ ન હોવાનું જણાઈ આવે છે. તેમજ તેઓ તેમની સરતપાસમાં સદર અકસ્માત થયેલ ટ્રકોનાં નંબર તેઓ જાણતા ન હોવાનું તેમજ ઉલટતપાસમાં ટ્રક ચાલકને ઓળખતા ન હોવાની હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. આમ, સદર સાહેદની જુબાનીથી અકસ્માતનો બનાવ બનેલાનું અને તેમા ફરિયાદીનાં ભાઈનું અવશાન થયેલાની હકીકત જણાઈ આવે છે. પરંતુ. સદર અકસ્માત આ કામનાં આરોપીની બેદરકારીથી થયેલ હોવાની હકીકત પુરવાર થતી નથી તેમજ સદર કામે આંક-૧૯ થી સાહેદ રાજેશભાઈ દેવશીભાઈ સોલંકીને તપાસવામાં આવેલ છે અને તેઓ તેમની જુબાનીમાં અકસ્માતનો અવાજ આવતા તેઓએ બહાર આવતા સ્થળ પર જઈને જોતા અકસ્માતનો બનાવ બનેલાનું અને ફરિયાદીનાં ભાઈનું અવશાન થયેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં જણાવે છે કે, "જામનગર રોડ પર ઉભેલા ટ્રક ડ્રાઈવરને પુછપરછ કરતા તેમણે જણાવેલ કે, મે રસ્તામાં મારા ટ્રકની બ્રેક મારતા પાછળથી આવતા તે ટ્રક મારા ટ્રક સાથે ભટકાતા અકસ્માત થયેલો અને સદર અકસ્માત કરનાર વાહનનો નંબર GJ-37-T-5927 હોવાનું જણાવેલ છે. તેમજ તેઓની ઉલટ તપાસમાં તેઓ ચેકપોસ્ટે હતા એટલે બનાવ તેઓએ નજરે જોયેલ ન હોવાની હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. વધુમાં, સદર સાહેદની જુબાનીને આંક-૪૬ થી રજુ ત.ક.અ. શ્રીની જુબાની સાથે વંચાણે લેતાં ત.ક.અ.શ્રી પણ ટ્રક ચાલક સ્થળ પર ટ્રક મુકી નાસી ગયેલ હોવાની હકીકત જણાવેલ છે. આમ, સદર સાહેદની જુબાનીથી અકસ્માત થયેલ હોવાનું અને ફરિયાદીનાં ભાઈનું અવશાન થયેલ હોવાની હકીકત જણાઈ આવે છે. આમ, રેકર્ડ ઉપરની હકીકત જોતાં સદર સાહેદે અકસ્માત સમયે આરોપીનું નામ તેમજ તેની હાજરી તથા અકસ્માત કરનાર વાહનનાં નંબર બાબતે વિરોધાભાસી તેમજ વધારાની હકીકત જણાવતા હોવાની હકીકત સ્પષ્ટપણે જણાઈ આવે છે. તેમજ અકસ્માત આ કામનાં આરોપીની બેદરકારીથી વાહન ચલાવેલ હોવાનાં કારણે થયેલ હોવાની હકીકત સદર સાહેદની જુબાનીથી શંકારહીત પુરવાર થતી નથી. ત્યારબાદ આંક-૩૨ થી સાહેદ કિશનભાઈ કાળાભાઈ છમળીયા (ચમળીયા) ની રજુ થયેલ જુબાનીને વંચાણે લેતાં સદર અકસ્માતનો બનાવ કઈ રીતે

થયેલ તેની ખબર ન હોવાનું તેમજ બનાવ વિશે કોઈ માહિતી ન હોવાનું જણાવે છે.તેમજ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં હાલનો બનાવ–અકસ્માત મેં નજરે જોયેલ નથી અને હાલનો અકસ્માત કરનાર વાહનનાં નંબર કે તેના ચાલકને મેં જોયેલ નથી તેમજ હાલનો અકસ્માત બની ગયા બાદ સ્થળ પર પહોંચેલ હતો અને પોલીસે માત્ર નામ સરનામું પુછેલ તે સિવાય બીજી કોઈ હકીકત પુછેલ ન હોવાની હકીકતને સ્વીકાર કરેલ છે. આમ, સદર સાહેદની જુબાની ફરિયાદની હકીકત પુરવાર થતી નથી.

**(૧૦.૧)** સદર કામે આંક–૪૬ થી ત.ક.અ. શ્રીને તપાસવામાં આવેલ છે અને તેઓએ અકસ્માતનો બનાવ બનેલાનું તેમજ તેઓએ તેમની ફરજ ઉપરની કામગીરી કરેલ હોવાનું અને અકસ્માત કરનાર વાહનનો ચાલક સ્થળ ઉપર ટ્રક મુકી નાસી ગયેલ હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ ન હોવાનું અને ફરિયાદમાં આરોપીનું નામ કે વર્ણન ન હોવા ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. તેમજ આંક–૫૨ થી રજુ સરતપાસમાં ત.ક.અ. શ્રીએ તેઓની ફરજ ઉપરની કામગીરી કરેલ હોવાની હકીકત જણાવેલ છે. જ્યારે ઉલટતપાસમાં એક સાહેદનાં નિવેદન લીધા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, ત.ક.અ.શ્રીઓની જુબાનીને વંચાણે લેતાં આરોપીની કોઈપણ ઓળખ પરેડ કરાવેલ ન હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. જેથી આ કામનાં આરોપીએ જ બેદરકારીથી વાહન ચલાવી સદર અકસ્માત કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. તેમજ આંક–૦૭ થી સ્થાનિક જગ્યાનાં પંચસાહેદને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં પોલીસે તેઓની દુકાને સહી લીધેલ હોવાની હકીકત જણાવેલ છે અને તે સિવાય અન્ય કાંઈ જાણતા ન હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. તેમ છતાં ફરિયાદપક્ષ તરફે આંક–૦૭ થી સ્થાનિક જગ્યાનું પંચનામું તેમજ આંક–૫૦ થી અટક પંચનામાને વંચાણે લેતાં અકસ્માત સ્થળ તથા આરોપીની અટક કરેલ હોવાનું જણાઈ આવે છે. પરંતુ, માત્ર સ્થાનિક જગ્યા તેમજ આરોપીની અટક કરવા માત્રથી આ કામનાં આરોપીએ જ બનાવ સમયે તેઓનું વાહન બેદરકારીથી ચલાવતા અકસ્માત

થયેલ હોવાનું અને ફરિયાદીનાં ભાઈનું અકસ્માતમાં અવશાન થયેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક–૫૧ થી આર.ટી.ઓ. રીપોર્ટ, આંક–૫૩ થી ઈન્કવેસ્ટ પંચનામું, આંક–૫૪ થી સ્થળ પરિક્ષણ અહેવાલ, આંક–૫૫ થી એક્સીડેન્ટ રીપોર્ટ ફોર્મ તથા આંક–૫૬ થી પોસ્ટ મોર્ટમ રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતાં અકસ્માત થયેલ હોવાનું અને ફરિયાદીનાં ભાઈનું અવશાન થયેલ હોવાનું જણાઈ આવે છે. પરંતુ, સદર અકસ્માત આરોપીની બેદરકારીથી વાહન ચલાવવાથી થયેલ હોવાનું પુરવાર થતું નથી. વધુમાં, સદર કામનાં મુળ ફરિયાદીની સામે પ્રોસેસ ઈશ્યુ કરવામાં આવતા તેઓ મરણ ગયેલ હોવાનાં શેરા સાથે પ્રોસેસ પરત આવેલ હોય ફરિયાદીને કોર્ટ રૂબરૂ તપાસી ફરિયાદની હકીકત પુરવાર થઈ શકેલ નથી. આમ, સદર કામે રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને વંચાણે લેતાં અકસ્માતમાં ગંભીર ઈજા થતાં ફરિયાદીનાં ભાઈનું અવશાન થયેલ હોવાનું જણાઈ આવે છે. પરંતુ, આ કામના આરોપીએ જ બનાવ સમયે પોતાના હવાલાવાળા વાહનને બેફીકરાઈથી તથા ગફલતભરી રીતે, મનુષ્યની જીંદગી જોખમાય તે રીતે ચલાવી અકસ્માત કરી ગંભીર ઈજા કરી ફરિયાદની હકીકત મુજબનો ગુન્હો કરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી.

**(૧૦.૨)** આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ આ કામના આક્ષેપિત ગુનાની કલમના મહત્વના તત્વોમાં બેફાણપણે અને બેદરકારીપૂર્વક કરવામાં આવેલ કૃત્ય છે અને તેવો નિષ્કર્ષ આપવામાં આવે તો જ આ કલમ લાગુ પડી શકે. આમ, આ કામે પુરતાં પુરાવાનો અભાવ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે અને પુરતા પુરાવાનો અભાવ હોય ત્યારે તે સંજોગોમાં આરોપીને સજા કરી શકાય નહિ તેમ મારુ નમ્રપણે માનવુ છે. તેથી આરોપી પોતાનું બેફાણપણે અને બેદરકારીપૂર્વક ચલાવતા હતા તે હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ નથી અને આરોપીની રેસ એન્ડ નેગ્લીજન્સી નિઃશંકપણે સાબિત થયેલ નથી અને તે સંજોગોમાં આરોપીએ આઈ.પી.સી.ની કલમ–૩૦૪(અ), ૨૭૯ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુન્હો કરેલ તેવી હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧ નો

જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>--આખરી હુકમ--</u>**

**(૦૧)** આ કામના **આરોપી દેવાભાઈ રામાભાઈ રાઠોડ,** રહે. વડત્રા ગામ, તા.ખંબાળીયા, જી.દેવભુમી દ્વારકાનાઓને સી. આર. પી. સી. કલમ-૨૫૫(૧) અન્વયે આઈ.પી.સી.ની કલમ-૩૦૪(અ), ૨૭૯ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૦૨)** આ કામનાં આરોપીએ સી.આર.પી.સી. ની કલમ-૪૩૭(એ) મુજબનાં રૂા.૫,૦૦૦/- ના જાત જામીન તથા તેટલ જ રકમનાં જામીન આપવા.

હુકમ તારીખ-૨૭ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૭/૦૪/૨૦૨૬
પડધરી

**(કુ.શ્રદ્ધા એન. ફાળકી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**પડધરી, જી.રાજકોટ,**
**UID GJ-1579**

NJB